INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

---

અખબારી યાદી તા. ૦૭-૦૯-૨૦૨૨

ગુજરાત વિધાનસભા ૨૦૨૨ની ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષ ૧૨૫ થી વધુ બેઠક સાથે જવલંત વિજય મેળવવાના સંકલ્પ સાથે ચૂંટણી લક્ષી કાર્યક્રમોની શરૂઆત આદરણીયશ્રી રાહુલ ગાંધીજીએ કરાવ્યા બાદ રાજીવ ગાંધી ભવન ખાતે પ્રદેશ સ્ક્રીનીંગ કમીટી ની અગત્યની બેઠક યોજાઈ હતી તેમાં લેવાયેલા નિર્ણયો – સૂચનોની વિગતો આપતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે, પરિવર્તન સંકલ્પ સંમેલનની ભવ્ય સફળતા બાદ કોંગ્રેસ પક્ષ વિધાનસભા ચૂંટણીના ઉમેદવારી પસંદગી માટેના માપદંડ સહિતના જુદા જુદા સુચનો માટે પ્રદેશ સ્ક્રીનીંગ કમીટીની વિશેષ બેઠક રાજીવ ગાંધી ભવન ખાતે યોજાઈ હતી. પ્રદેશ સ્ક્રીનીંગ કમીટીના ૪૨ સભ્યોએ ઉમેદવાર પસંદગી માટેના ૧૩૦ જેટલા સકારાત્મક સુચનો કર્યા હતા. વિધાનસભા ૨૦૨૨ની ચૂંટણીમાં પોતાની ઉમેદવારી નોંધાવવા માંગતા ઉમેદવારોએ બાયોડેટા તા. ૧૨ સપ્ટેમ્બર સુધી જીલ્લા કાર્યાલય ખાતે આપવાનો રહેશે. તેમજ જીલ્લા કાર્યાલયે આવેલા તમામ અરજીઓને તા. ૧૫ સપ્ટેમ્બર સુધી પ્રદેશ કાર્યાલયે મોકલશે. પ્રદેશ સ્ક્રીનીંગ કમીટી તા. ૧૮ સપ્ટેમ્બરના રોજ કોંગ્રેસ પક્ષના ઉમેદવાર માટેની અરજીઓની સમીક્ષા કરશે. સાથોસાથ તા. ૨૧, ૨૨, ૨૩ સપ્ટેમ્બરના રોજ કોંગ્રેસ પક્ષ દ્વારા નિમાયેલ ઝોનલ ઈન્ચાર્જ, ચૂંટણી સમિતિના સભ્યોના મંતવ્યો – સુચનો જાણશે અને ગુજરાતમાં એક શક્તિશાળી - સક્ષમ નેતૃત્વ મળી રહે તે માટેની યોગ્ય, નિષ્ઠાવાન ઉમેદવારની પસંદગી કરવામાં આવશે. ગુજરાતના પ્રતિભાશાળી, યુવાનો, મહિલાઓ, સામાજીક શૈક્ષણિક ક્ષેત્રે ઉમદા કામ કરતા શ્રેષ્ઠીઓ - આગેવાનોને પણ કોંગ્રેસ પક્ષના વિધાનસભા ઉમેદવાર માટે પસંદગી પ્રક્રિયામાં ધ્યાને લેવામાં આવશે. વર્ષ ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણીમાં ચૂંટાયેલા કોંગ્રેસ પક્ષના ધારાસભ્યશ્રીઓને આગામી વર્ષ ૨૦૨૨ની ચૂંટણીમાં ઉમેદવારી કરવા માટે બાયોડેટા - અરજી આપવાની જરૂર રહેશે નહીં તેવો નિર્ણય સ્ક્રીનીંગ કમીટીના સભ્યો દ્વારા લેવાયો હતો તેમ છતાં સંપૂર્ણ પણે લોકશાહીમાં માનનાર કોંગ્રેસ પક્ષે જે તે વિધાનસભામાંથી ઉમેદવારી કરવા માંગતા યુવાનો પોતાની અરજી - બાયોડેટા જીલ્લા પ્રમુખશ્રીને આપી શકશે તેવો નિર્ણય કર્યો હતો. ઉમેદવાર પસંદગી પ્રક્રિયા સંપૂર્ણ પણે ગુજરાતમાં થશે. નારાજ કે અસંતુષ્ટ આગેવાનોને યોગ્ય સમજાવટ માટે તાલુકા કક્ષાએ નિષ્ઠાવાન સભ્યોની ડેમેજ કન્ટ્રોલ કમીટી બનાવવામાં આવશે. જેને એ.આઈ.સી.સી.નું નેતૃત્વ પણ દેખરેખ રાખશે.

| તારીખ | વિગત |
|---|---|
| ૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૨ | જીલ્લા કાર્યાલય - જીલ્લા સમિતિ સમક્ષ ઉમેદવારોના બાયોડેટા સ્વીકારાશે. |
| ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૨ | જીલ્લા કક્ષાએ આવેલા બાયોડેટા પ્રદેશ કાર્યાલયને રજુ કરાશે |
| ૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૨ | ઉમેદવાર માટેની અરજીઓની સમીક્ષા કરાશે |
| ૨૧, ૨૨, ૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૨ | કોંગ્રેસ પક્ષ દ્વારા નિમાયેલ ઝોનલ ઈન્ચાર્જ, ચૂંટણી સમિતિના સભ્યોના મંતવ્યો – સુચનો જાણશે |

---

અમદાવાદના વસ્ત્રાપુર ખાતે આત્મહત્યા કરેલ પોલીસ જવાન અંગેના પ્રશ્નના જવાબ આપતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે, રાજ્યમાં પોલીસ જવાનોને કેટલીક તકલીફ પડી રહી છે, ગુજરાતનો પોલીસ જવાન પોતાના પરિવાર સાથે આત્મહત્યા કરે તે ગંભીર બાબત છે. ભ્રષ્ટાચારનો એપીક સેન્ટર એવુ ગૃહવિભાગ બુટલેગરોની વાત સાંભળે, વ્યાજખોરોની વાત સાંભળે, મળતીયાઓની વાત સાંભળે, પરંતુ પોતાના વિભાગના નિષ્ઠાવાન પોલીસ જવાનોની હાલાકી જોતો નથી, અમદાવાદના પોલીસ જવાને પોતાના અંતિમપત્રમાં લખેલી વિગતમાં જણાવ્યું હતું કે, "ગુજરાત પોલીસનો વધુ 'ગ્રેડ પે' મળે તે મારી અંતિમ ઈચ્છા છે, અને IPS અધિકારીઓ પૈસા બહુ ખાય છે અને તે જ લોકો પગાર વધવા નથી દેતા", જે બાબત ગુજરાતના ગૃહવિભાગના ભ્રષ્ટાચારની પોલ ખુલ્લી પાડે છે ત્યારે ભાજપ સરકાર ગુજરાતના નિષ્ઠાવાન પોલીસ જવાનોને તેમને મળવા પાત્ર હક્ક અને અધિકાર એવા 'પે ગ્રેડ' તાત્કાલીક આપે તેવી કોંગ્રેસ પક્ષ માંગ કરે છે.

(ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવકતા